# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટન અને માલદીવની 4 દિવસની સત્તાવાર મુલાકાતે રવાના થશે.

2) ભારતે, પાકિસ્તાની વિમાનો પર ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા પરનો પ્રતિબંધ આગામી 23મી ઓગસ્ટ સુધી લંબાવ્યો

3) ઉત્તર પ્રદેશ કેબિનેટે મહિલાના નામે ખરીદવામાં આવેલી એક કરોડ રૂપિયા સુધીની મિલકત પર સ્ટેમ્પ ડ્યુટીમાં એક ટકાની છૂટને મંજૂરી આપી

4) તેલંગાણામાં, મહિલાઓ માટે મફત બસ મુસાફરી પૂરી પાડતી મહાલક્ષ્મી યોજના હેઠળ શૂન્ય-ભાડાની ટિકિટોની સંખ્યા 200 કરોડને વટાવતા ઉજવણી

5) ભારત મહિલા ક્રિકેટરોએ રોમાંચક બનેલી એ છેલ્લી વનડેમાં ઈંગ્લેન્ડને હરાવીને શ્રેણી જીતી લીધી.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટન અને માલદીવની 4 દિવસની સત્તાવાર મુલાકાતે રવાના થશે.

પ્રથમ તબક્કામાં, શ્રી મોદી બે દિવસની મુલાકાતે યુકે જશે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી મોદી તેમના બ્રિટિશ સમકક્ષ કીર સ્ટારમર સાથે ચર્ચા કરશે અને રાજા ચાર્લ્સ રાજા ત્રીજાને મળશે.

આ મુલાકાતમાં ભારત-યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષાનો સમાવેશ થશે, જેમાં ખાસ કરીને સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને અર્થતંત્ર, ટેકનોલોજી અને નવીનતા, આબોહવા કાર્યવાહી, આરોગ્ય, શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધોમાં સહયોગ પર ભાર મૂકવામાં આવશે.

ભારત અને યુકે વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરવા અંગે, વિદેશ સચિવે કહ્યું કે દ્વિપક્ષીય વેપાર કરાર એના અંતિમ તબક્કામાં છે.

આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, બ્રિટનમાં ભારતના ઉચ્ચ કમિશનર વિક્રમ કુમાર દોરાઈ સ્વામીએ જણાવ્યું હતું કે પ્રધાન મોદીની આગામી મુલાકાત બંને દેશો માટે ફાયદાકારક રહેશે. તેમણે ઉમેર્યું હતું કે મુક્ત વેપાર પર ભવિષ્યના કરારની બંને અર્થતંત્રો પર સકારાત્મક અસર પડશે.

(બાઇટ: RAJESH BALI)

# INDIA-AIRSPACE-PAK

ભારતે, પાકિસ્તાની વિમાનો પર ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા પરનો પ્રતિબંધ આગામી 23મી ઓગસ્ટ સુધી લંબાવ્યો છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે આ માહિતી આપતા કહ્યું કે, પાકિસ્તાની વિમાનોને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવા પર પ્રતિબંધની 'નોટિસ ટુ એરમેન' (NOTAM) સત્તાવાર રીતે 23 ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. તેમણે કહ્યું કે આ નિર્ણય હાલની સુરક્ષા વ્યવયસ્થાને ધ્યાન રાખીને લેવામાં આવ્યો છે.

પાકિસ્તાને પણ ભારતીય ફ્લાઇટ્સ માટે તેના હવાઈ ક્ષેત્રને 24 ઓગસ્ટ સુધી વધુ એક મહિના માટે બંધ કરી દીધું છે.

23થી 25મી જુલાઈ દરમિયાન રાજસ્થાનમાં ભારતીય વાયુસેના (IAF) કવાયત માટે પણ NOTAM જારી કરવામાં આવ્યું છે. ઓપરેશન સિંદૂર દરમિયાન રાજસ્થાનમાં બાડમેરથી જોધપુર સુધીના વિસ્તારોને પાકિસ્તાની ડ્રોન અને મિસાઇલ ઘૂસણખોરી જોવા મળી હતી તેને ધ્યાનમાં રાખીને ભારતીય વાયુસેના એક લશ્કરી કવાયત કરવાના છે.

# UP-CABINET-DECISIONS

ઉત્તર પ્રદેશ કેબિનેટે મહિલાના નામે ખરીદવામાં આવેલી એક કરોડ રૂપિયા સુધીની મિલકત પર સ્ટેમ્પ ડ્યુટીમાં એક ટકાની છૂટને મંજૂરી આપી છે

અત્યાર સુધી, રાજ્યમાં આ મુક્તિ ફક્ત 10 લાખ રૂપિયા સુધીની મિલકત પર લાગુ પડતી હતી, જેમાં મહત્તમ 10 હજારનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

આ ઉત્તર પ્રદેશ કેબિનેટ બેઠકમાં કુલ 37 દરખાસ્તો પસાર કરવામાં આવી હતી. શ્રમ મંત્રી અનિલ રાજભરે જણાવ્યું હતું કે સરકાર માને છે કે આ નિર્ણય મધ્યમ વર્ગની મહિલાઓને મિલકતના માલિક બનવામાં મદદ કરશે, જેનાથી તેમનો આત્મવિશ્વાસ વધશે જ નહીં પરંતુ તેઓ સમાજમાં આર્થિક રીતે વધુ સક્ષમ અને આદરણીય પણ બનશે.

વધુમાં, નાગરિક માળખાગત સુવિધાઓ પર 858 કરોડ ફાળવવામાં આવ્યા જેમાં રાજ્યમાં 45 સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે. સરકારે ટાટા ટેક્નોલોજીસ લિમિટેડ (TTL) ની મદદથી 121 સરકારી પોલિટેકનિક સંસ્થાઓને અપગ્રેડ કરવાનો પણ નિર્ણય લીધો. મશીનો અને સાધનો માટે 6,935 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.

યુપી સરકારે 939 કરોડ રૂપિયાના કુલ ખર્ચ સાથે ચિત્રકૂટ લિંક એક્સપ્રેસવેના બાંધકામને પણ મંજૂરી આપી છે. શરૂઆતમાં 15 કિમી લાંબો ચાર-લેન એક્સપ્રેસવે ચિત્રકૂટમાં ભરતકૂપને અહમદગંજ ગામ સાથે જોડશે, જે વારાણસી-બાંદા રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને NH 135 BG ને જોડશે.

# DELHI-CABINET

દિલ્હી સરકારે ઓલિમ્પિક અને પેરાલિમ્પિકના મેડલ વિજેતાઓ માટે રોકડ પુરસ્કારોમાં નોંધપાત્ર વધારો કરીને 7 કરોડ રૂપિયા કરવાની જાહેરાત કરી છે, જે હાલમાં 3 કરોડ રૂપિયા છે.

યુવા સશક્તિકરણને એક મોટા પ્રોત્સાહન રૂપે આ નિર્ણય ગઈકાલે નવી દિલ્હીમાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

નવી શરૂ કરાયેલ મુખ્યમંત્રી ખેલ પ્રોત્સાહન યોજના હેઠળ, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક મેડલ વિજેતાઓને સુવર્ણ ચંદ્રક માટે 7 કરોડ રૂપિયા, રજત ચંદ્રક માટે 5 કરોડ રૂપિયા અને કાંસ્ય ચંદ્રક માટે 3 કરોડ રૂપિયા મળશે.

# WEB PORTAL TERROR

જમ્મુ-કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ આતંકવાદથી પ્રભાવિત પરિવારોને સહાય માટે વેબ પોર્ટલ શરૂ કર્યું છે.

આ પહેલ કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદથી પીડિત લોકોને રાહત અને અન્ય પ્રકારની સહાય પૂરી પાડવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને ઝડપી બનાવશે.

ગઈકાલે શરૂ કરવામાં આવેલા આ પોર્ટલમાં જિલ્લાવાર ડેટાને કેન્દ્રિત કરી, રાહત પ્રયાસોને ટ્રેક કરાશે. આ પહેલનો ઉદ્દેશ્ય નાણાકીય સહાય, એક્સ-ગ્રેશિયા વળતર અને રોજગાર અપાવવાનો છે.

**લેફ્ટનન્ટ ગવર્નર નિવારણ પ્રક્રિયાનું વ્યક્તિગત રીતે નિરીક્ષણ કરશે, પારદર્શિતા અને સમયસર સહાય પર ભાર મુકાશે.**

**પીડિતોની મિલકતો પર કરાયેલા અતિક્રમણ પણ નોંધવામાં આવશે. વણઉકેલાયેલા અથવા બાકી દાવાઓ માટે ટોલ-ફ્રી હેલ્પલાઇન નંબર જમ્મુ (0191-24 78 995) અને કાશ્મીર (0194-24 87 777) ની સેવા શરૂ કરવામાં આવી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# NAVY-SEMINAR

**આજે નવી દિલ્હી ખાતે ભારતીય નૌકાદળ શિપબિલ્ડિંગ સેમિનારનું આયોજન કરાયું છે જેમાં શિપબિલ્ડિંગ દ્વારા રાષ્ટ્ર નિર્માણ પર આ સેમિનાર**

સરકાર, ભારતીય નૌકાદળ, શિપયાર્ડ્સ, ઉદ્યોગ સાથે જોડાયેલા સાહસિકો અને શિક્ષણવિદોને એક સાથે, એક મંચ પર લાવવામાં આવશે.

આ કાર્યક્રમ શિપબિલ્ડિંગ સંબંધિત વિવિધ નીતિગત પાસાઓ પર સુસંગત અને પ્રગતિલક્ષી ચર્ચાઓને સરળ બનાવશે.

આ કાર્યક્રમ દરમિયાન, વૈશ્વિક સ્તરે AI સંબંધિત ટેક્નિક અને ભારતીય શિપયાર્ડ્સ અને તેની સાથેના સંલગ્ન ઉદ્યોગો સામેના પડકારોનો ઉકેલ માટે ચર્ચા કરશે.

# TELANGANA- ZERO FARE TICKETS (WEBSITE)

તેલંગાણામાં, મહિલાઓ માટે મફત બસ મુસાફરી પૂરી પાડતી મહાલક્ષ્મી યોજના હેઠળ તેલંગાણા રાજ્ય માર્ગ પરિવહન નિગમ (TGSRTC) ની બસોમાં મુસાફરી કરતી મહિલાઓને આપવામાં આવેલી શૂન્ય-ભાડાની ટિકિટોની સંખ્યા 200 કરોડને વટાવી ગઈ છે. મુસાફરોએ 6 હજાર 700 કરોડ રૂપિયાથી વધુની બચત કરી છે. રાજ્ય પરિવહન મંત્રી પી. પ્રભાકરે માહિતી આપી હતી કે આ યોજના માટે સરકાર દ્વારા તાત્કાલિક ચૂકવણી કરવામાં આવે છે. ડિસેમ્બર 2023 માં શરૂ કરાયેલ, આ યોજના મહિલાઓ, બાળકો અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે લાગુ પડે છે.

મંત્રીએ એમ પણ કહ્યું કે રાજ્યભરના 97 બસ ડેપો અને 341 બસ સ્ટેશનો પર ઉજવણી કરવામાં આવશે. તેમણે રાજ્યની માલિકીની પરિવહન નિગમના

ડ્રાઇવરો, કંડક્ટરો, કામદારો અને અન્ય લોકોને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા.

# JAMMU WEATHER

જમ્મુ અને કાશ્મીર હવામાન વિભાગે આજે જમ્મુ વિભાગના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઘણી જગ્યાએ હળવો થી મધ્યમ વરસાદ, ગાજવીજ અને તેજ પવન સાથે તૂટક તૂટક વરસાદ પડશે, તેમજ જમ્મુ વિભાગના છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડશે.

હવામાન વિભાગે કેટલાક સંવેદનશીલ સ્થળોએ પૂરની શક્યતા, ભૂસ્ખલન, કાદવ ધસી પડવા, પથ્થરમારો, જળાશયોમાં પાણીના સ્તરમાં વધારો અને કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની ચેતવણી આપી છે. લોકોને નદીઓ અને નાળાઓ પાસે ન જવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં 112 પર ફોન કરવાની સલાહ આપવામાં આવી છે

સાંભળીએ એક અહેવાલ....

(V/C-SASHANK)

# WOMEN CRICKET

ત્રણ મેચની મહિલા વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ શ્રેણીના રોમાંચક મેચમાં, ભારતે ગઈકાલે રાત્રે ચેસ્ટર-લે-સ્ટ્રીટ ખાતે અંતિમ રમતમાં ઈંગ્લેન્ડને 13 રનથી હરાવ્યું અને શ્રેણી 2-1થી જીતી લીધી.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા, ભારતીય ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 5 વિકેટે 318 રનનો શાનદાર સ્કોર બનાવ્યો. જેના જવાબમાં યજમાન ટીમ 305 રન બનાવી શક્યું હતું..

ભારતની કેપ્ટન હરમનપ્રીતે 84 બોલમાં શાનદાર 102 રન ફટકાર્યા.જ્યારે ક્રાંતિ ગૌડે છ વિકેટ ઝડપી હતી.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

1) આજના તમામ અખબારોએ સંસદમાં સતત બીજા દિવસે હોબાળો, મુંબઈ ટ્રેન બ્લાસ્ટ અંગે હાઈ કોર્ટના ચુકાદા સામે મહારાષ્ટ્ર સરકાર સુપ્રીમમાં, ઉપરાષ્ટ્રપતિના રાજીનામા અંગે વિવાદ, ભારતીય વાયુ સેનાને 3 અપાચે હેલિકોપ્ટર સોંપાયા સહિતના સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કાર્ય છે.
2) બિહાર મતદાર યાદી સુધારાણાના વિરોધે સંસદના બંને ગૃહ ખોરવ્યા, સતત બીજા દિવસે હોબાળો, બોઇંગે એરફોર્સને ત્રણ અપાચે હેલિકોપ્ટર સોંપ્યા, PM મોદી આજથી 4 દિવસની વિદેશ યાત્રાએ આ સમાચારોને સંદેશ અને નવગુજરાત સમયે મુખ્ય પાને સ્થાન આપ્યું છે.
3) દિવ્ય ભાસ્કરની હેડ લાઈન છે, ધનખડનું રાજીનામુ મંજૂર કરાયું, આગામી ઉપરાષ્ટ્રપતિ ક્યારે ચૂંટાશે? તે અંગે સસ્પેન્સ
4) પંજાબ કૃષિ યુનિવર્સીટીને AI સંચાલીત ટ્રેક્ટર બનાવવામાં સફળતા, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના નવા પ્રમુખ તરીકે અશોક ચૌધરી ચૂંટાયા, આ સમાચારોને ગુજરાત સમાચારે મુખ્ય પાને સ્થાન આપ્યું છે.
5) રાજસ્થાન પત્રિકાએ આધાર, રાશન કાર્ડ ઔર વોટર આઈડી નાગરિકતા કે વૈધ દસ્તાવેજ નહીં આ સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે
6) સ્પોર્ટ્સ પેજ ઉપર તમામ અખબારોએ ઇગ્લેંડની ટીમ ને ભારતીય મહિલા ક્રિકેટરોએ પરાજય આપીને શ્રેણી જીતી અને આજથી શરુ થતી ભારત અને ઇંગ્લેડ વચ્ચેની ચોથી ટેસ્ટ મેચના સમાચાર છાપ્યાં છે.